# છાલાથી સાદરાના કાચા રસ્તાને ડામરનો રોડ બનાવવા તીવ્ર માંગ

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



ચાલો... હવે તમારે તમારો વિકાસ કરાવવો હોય તો... પાન કાર્ડ, આધાર કાર્ડ, ચૂંટણીકાર્ડ વગેરે કેમ કઢાવવું તે સમજી લો...!!

## બોટાદ કેસમાં સત્યાગ્રહ છાવણી ખાતે આત્મ વિલોપનનો પ્રયાસ કરનાર પિડીતની અટકાયત

બોટાદ ખાતે દલિત યુવાનની હત્યા પ્રકરણના આરોપીઓ હજુ સુધી પોલીસ પકડથી દુર છે ત્યારે શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે ન્યાય મેળવવા બેઠેલા દલિત પરિવારના સભ્યોએ પ્રધાનમંત્રીના જન્મદિવસે આત્મવિલોપનની ચિમકી ઉચ્ચારી હતી. તેમ છતા તંત્ર દ્વારા કોઈ પણ હકારાત્મક નિર્ણય ન આવતા દલિત પરિવારના ઉપવાસી રમેશભાઈ પરમાર દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે આત્મવિલોપનનો પ્રયાસ કરવામાં આવતા પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી તેમ ગુજરાત અનુસુચિત અત્યાચાર સંઘર્ષ સમિતિના કન્વીનર ભરતસિંઘ ચોધરીએ જણાવ્યું છે.

ગુજરાત અનુ.જાતિ અત્યાચાર સંઘર્ષ સમિતિના કન્વીનર ભરતસિંઘ ચોધરીએ જણાવે છે કે આજે સમગ્ર રાજય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈના જન્મદિનની ઉજવણી કરી રહ્યું છે. ત્યારે ગુજરાતના દલિત અત્યાચારની આગમાં હોમાય રહ્યો છે. બોટાદ દલિત યુવાનના ખુનકેસના આરોપીઓને હજુ સુધી સરકાર પકડી શકી નથી. ત્યારે ગાંધીનગર ખાતે ન્યાય મેળવવા માટે ઉપવાસ પર બેઠેલા ઉપવાસીઓને ન્યાય ન મળતા તંત્રને અગાઉથી આત્મવિલોપનની ચિમકી ઉચ્ચારી હતી. તેમ છતાય સરકાર દલિતોની સમસ્યાઓ અંગે ગંભીર નથી. જેને પગલે ઉપવાસ પર બેઠેલા પિડીત પરિવારના રમેશભાઈ પરમારે સત્યાગ્રહ છાવણી ખાતે આત્મવિલોપનનો પ્રયાસ કરતા પોલીસ તંત્ર દ્વારા અટકાયત કરવામાં આવી હતી.



ભારતની જુની પરંપરાગત ગ્રામ્ય રમત કબડ્ડી ફરી એકવાર લોકપ્રિયતા પામી રહી છે. શારિરીક સૌષ્ઠવ સાથે માનસિક અડગતા અને પ્રાણાયામના ત્રિવેણી સંગમનો પરિચય કરાવતી આ રમતના પ્રોફેશનલ વર્ઝન 'પ્રો કબડ્ડી'ના કારણે પણ આ રમત બાળકો તથા યુવા પેઢીમાં ફેવરીટ બની રહી છે. ગાંધીનગર સ્થિત ખ્યાતનામ આઈટી કંપની ટીસીએસ દ્વારા તેના કર્મચારીઓના સ્વાસ્થ્ય માટે રમતગમત પ્રવૃતિને વિશેષ મહત્વ આપવામાં આવે છે. આ કારણે કંપનીના કર્મચારીઓ માટે ઈન્ડોર ઉપરાંત આઉટડોર ગેમ્સ જેવી કે ક્રિકેટ, વોલીબોલ, કબડ્ડી વગેરેની સ્પર્ધા પણ યોજવામાં આવે છે. દર શનિવારે, રવિવારે કે રજાના દિવસે ગાંધીનગરના સે-૧૧ ખાતેના મેદાનમાં આ રમતો રમતા કંપનીના યુવા કર્મચારીઓ નજરે ચઢે છે.



ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા છેલ્લા ત્રણ મહિના દરમિયાન અવસાન પામેલા સ્વજનોના અસ્થિઓનું હરિદ્વાર ખાતે વિધિપૂર્વક વિસર્જન કરવામાં આવ્યું હતું. મહામંડળના ઉદયભાઈ ત્રિવેદીના હસ્તે ૪૩૭ મૃતકોના અસ્થિઓનું હરિદ્વાર ખાતે વિસર્જન કરાયું હતું. ગાંધીનગર અને સરગાસણ અંતિમ ધામમાંથી મેળવાયેલા અસ્થિના વિસર્જન પૂર્વે પ્રાર્થનાસભા પણ યોજવામાં આવી હતી. જેમાં અરુણ બુચ, નિલેન્દુ વોરા, શશીકાંત મોઢા, સીતારામ પટેલ, ચંદ્રકાંત જોશી અને ભાલચંદ્ર શુકલ પણ જોડાયા હતા.

## દહેગામ ખુન કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

ગાંધીનગર, તા. ૧૭

દહેગામ ખુન કેસમાં ગાંધીનગર સેસન્સ કોર્ટે આરોપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો છે.

આ કેસની વિગત અનુસાર દહેગામમાં એક વર્ષ અગાઉ આરોપી બળવંતસિંહ તખતસિંહ ઝાલાએ સતીષભાઈ નથ્થુભાઈ ભાંભીને ગળાના તેમજ બોચીના ભાગે છરીના ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવ્યુ હતુ.આ બનાવ સંદર્ભે દહેગામ પોલીસ સ્ટેશને ગુન્હો નોંધી આરોપી વિરુધ્ધ કોર્ટમાં ચાર્જશીટ રજુ કર્યુ હતુ. આ કેસ ગાંધીનગરની બીજા અધિક સ્પેશીયલ એટ્રોસિટી અને સેસન્સ કોર્ટમાં ચાલી જતા આરોપીના વકીલ તરીકે હાઈકોર્ટના વકીલ આઈ એ નાગોરી તેમજ આર સી વાઘેશ્વરીએ ૨૬ કરતા પણ વધુ સાક્ષીઓને તપાસ્યા હતા અને કોર્ટ સમક્ષ દલીલો કરી હતી.સેસન્સ કોર્ટના જજ વી બી બારોટે વકીલની દલીલોને ધ્યાને લઈ આરોપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો છે.

## નગરપાલિકાના કર્મચારી સંઘર્ષ સમિતિ દ્વારા પડતર પ્રશ્નો અંગે મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

ગાંધીનગર, તા. ૧૭

રાજયની નગરપાલિકાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓને રાજયના અન્ય વિભાગોમાં ફરજ બજાવતા કર્મચારીઓથી અન્યાય કરવામાં આવી રહ્યો છે તેવો શૂર ઉઠવા પામ્યો છે. જેને અનુલક્ષી વર્ષોથી પડતર આઠ પ્રશ્નોને લઈ આવેદનપત્ર પેથાપુર નગરપાલિકાના કર્મચારીઓએ ગાંધીનગર મામલતદારને સુપ્રરત કર્યું છે. ૩૧ ઓક્ટોબર સુધીમાં યોગ્ય નિવેડો નહી આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી નગરપાલિકાઓ સંઘર્ષ સમિતિ ગુજરાત રાજય દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

નગરપાલિકાઓમાં ફરજો બજાવતા કર્મચારીઓ કે જે નગરપાલિકા વિસ્તારમાં પ્રજાની સુખાકારી માટે મહત્વની આવશ્યક સેવાઓ રાજય સરકારના સીધા માર્ગદર્શન હેઠળ પુરી પાડવામાં આવે છે. નગરપાલિકાના કર્મચારીઓને રાજય સરકાર દ્વારા રાજયના અન્ય કર્મચારીઓની સરખામણીએ અન્યાય કરવામાં આવી રહ્યો હોવાનો શુર ઉઠવા પામ્યો છે. રાજયના કર્મચારીઓને ૭માં પગારપંચનો લાભ આપવામાં આવે છે તે મુજબ લાભ આપવો, મહેકમ ખર્ચની મર્યાદા ૪૮ ટકા રાખવામાં આવી છે તે નાબુદ કરવી, મહેકમ ખર્ચને પરિણામે ઉચ્ચ પગારનો લાભ અપાતો નથી તે પગાર ધોરણનો લાભ આપવો, લઘુતમ મહેકમ માળખાની અમલવારી તાત્કાલીક કરવામાં આવે અને ખાલી જગ્યાઓ ભરવામાં આવે, સમાન કામ સમાન વેતનનો લાભ, પાલિકામાં ચીફ ઓફિસરને મળતા લાભ કર્મચારીઓને આપવામાં આવે તેમજ નગરપંચાયતના કર્મચારીઓને પેન્શનનો લાભ આપવામાં આવે છે તે મુજબ પેન્શન લાભ આપવામાં આવે તે સહિતની માંગણીઓ કરતુ આવેદનપત્ર પેથાપુર નગરપાલિકાના કર્મચારીઓએ મુખ્યમંત્રી, રાજયપાલ, શહેરી વિકાસના અગ્ર સચિવ, કલેકટર, ધારાસભ્ય અને મામલતદારને સુપ્રરત કર્યુંછે.જયારે આગામી ૩૧ ઓક્ટોબર સુધીમાં યોગ્ય નિરાકરણ પ્રશ્નોનું નહી આવે તો નગરપાલિકાઓ સંઘર્ષ સમિતિ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

## ભીમ યુવા પ્રતિભા સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

નવચેતના ફાઉન્ડેશન ઉપક્રમે 'ભીમ યુવા પ્રતિભા સન્માન સમારંભ' દ્વારા રમત-ગમત, શિક્ષણ, સામાજિક, કલા સાહિત્ય ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનાર અનુસુચિત જાતિના યુવક યુવતીઓનું સન્માન કરવામાં આવનાર છે. અનુસુચિત જાતિની વિશિષ્ટ યુવા પ્રતિભાઓએ ફોર્મમાં જરુરી વિગતો ભરી તેની સાથે પ્રમાણપત્રોની ઝેરોક્ષ નવચેતના ફાઉન્ડેશનના મહામંત્રી નિમેષ વાઘેલાને 'પુરુષાર્થ' પ્લોટ નં. ૧૫૬૭/૨, સે-૨-સી ખાતે તા. ૩૦ સપ્ટેમ્બર સુધીમાં જમા કરાવવાની રહેશે.

## શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ પર ઉતરેલા ઉપવાસીની તબિયત લથળી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ઓળા ગામના એક જાગૃત પરિવારે દારુ જુગારના અડ્ડા ચલાવતા અસામાજીક તત્વો વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે. અસામાજીક તત્વોના કારણે આ પરિવારને ગામ છોડવાની ફરજ પડી છે. ફરિયાદી પરિવારના સભ્યો ન્યાય મેળવવા માટે ગાંધીનગર શહેરના સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ પર બેઠા છે ત્યારે આ પરિવારના ઉપવાસી સાત વર્ષના એક બાળકની તબિયત અચાનક લથડતા ૧૦૮ દ્વારા તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયો હતો. જયાં ઉપવાસી બાળકને પિડીયાટ્રીક વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ઓળા ગામે દારુ-જુગારના અડ્ડાનું દુષણ બેહદ રીતે પ્રાગરી રહ્યું છે. આ દુષણને અટકાવવા માટે ગામના રાજવી બિન્દેશ કાળીદાસે અસામાજીક તત્વો સામે ફરિયાદ નોંધાવી છે. અસામાજીક તત્વોના ત્રાસથી અને યોગ્ય કાર્યવાહીના અભાવે પરિવારના સભ્યોએ રહેણાંક છોડવાની ફરજ પડી છે તેવું ફરિયાદી કહી રહ્યા છે. ઉપવાસી પરિવારે પોતાની માંગણીઓ તેમજ રજુઆત સરકાર સમક્ષ મુકી છે. પરંતુ આજદિન સુધી આ મામલે યોગ્ય પગલા ભરાયા નથી જેને અનુલક્ષી ફરિયાદી પરિવારના સભ્યો ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ પર ઉતર્યા છે. જેમાં રાજવી અમન કિર્તિકુમારની ગત્ તા.૧૧ સપ્ટેમ્બરના રોજ તબિયત લથડતા ૧૦૮ ને કોલ કરતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયો હતો. જયાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ પિડીયાટ્રીક વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો છે. જયાં સુધી ન્યાય નહી મળે ત્યાં સુધી લડત ચાલુ રાખવાનું પરિવારે જણાવ્યું છે.

## શહેર ભાજપ દ્વારા હોસ્પિટલમાં દર્દીઓને ફ્રુટ આપી પ્રધાનમંત્રીના જન્મદિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૭

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૬૭માં જન્મદિનની ઉજવણી ગાંધીનગર શહેર ભાજપ દ્વારા અનોખી રીતે કરવામાં આવી હતી. ભારતીય જનતા પાર્ટીના હોદેદારો, કાર્યકરોએ ઝુંપડપટ્ટી વિસ્તારમાં જઈને બાળકોને ચોકલેટ તેમજ બિસ્કીટ તેમજ શહેરની હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓને



સફરજનનું વિતરણ કરાયું હતું. જયારે સાંજના સુમારે જીઈબી છાપરા વિસ્તારમાં સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૫૦ થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં શહેર ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી તેઓના ૬૭માં જન્મદિનની ઉજવણી પ્રસંગે ગાંધીનગરની મુલાકાતે આવ્યા હતા. રાયસણ વિસ્તારમાં રહેતા તેઓના માતા હિરાબાના સવારના સુમારે આશિર્વાદ મેળવી પરત ફર્યા હતા. રાજયમાં ભાજપ પક્ષના હોદેદારો કાર્યકરોએ પણ પ્રધાનમંત્રીના જન્મદિનની ઉજવણી ધામધુમથી કરી છે. ત્યારે ગાંધીનગર શહેર ભાજપ દ્વારા પણ વડાપ્રધાનના જન્મદિનની અનોખી રીતે ઉજવણી કરાઈ હતી. શહેરના ચરેડી છાપરા વિસ્તારના બાળકોને ચોકલેટ તેમજ બિસ્કીટનું વિતરણ કરાયું હતું. ત્યારબાદ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓને ખબર અંતર પુછીને હોદેદારોએ સફરજન આપ્યા હતા. જયારે સાંજના સુમારે જીઈબી છાપરા વિસ્તારમાં રહેતા શ્રમજીવી પરિવારના સભ્યો માટે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં ત્રણ ડોકટરોની ટીમ દ્વારા ૧૫૦ થી વધુ નાગરીકોને તપાસીને પ્રાથમિક દવા પણ આપવામાં આવી હતી. શહેર ભાજપ દ્વારા પ્રધાનમંત્રીના જન્મદિન નિમિતે રાખવામાં આવેલ કાર્યક્રમમાં શહેરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મેયર પ્રવિણભાઈ પટેલ, ગુડા ચેરમેન આશિષભાઈ દવે, શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્ર પટેલ (દાસ), પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, પૂર્વ શહેર પ્રમુખ રુચીર ભટ્ટ, કોર્પોરેટર દેવેન્દ્રસિંહ ચાવડા, શહેર ભાજપ મહામંત્રી કનુભાઈ દેસાઈ, પંકજજી ઠાકોર, પૂર્વ કોર્પોરેટર ગોવિંદભાઈ પરમાર સહિત અન્ય હોદેદારો, કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

## રાંધેજા વિદ્યાપીઠ ખાતે ઓઝોન દિવસ ઉજવાયા

ગાંધીનગર, તા. ૧૭

રાષ્ટ્રીય સેવા યોજના, ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજા પરિસરમાં એમ.બી.એ. વ્યવસ્થાપનના વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ જ ઉત્સાહમાં




ઓઝોન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ૧૨ વિદ્યાર્થીઓએ ઓઝોન વિષયને પોસ્ટર સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે હિનાબેન વણકર અને અંકિતાબેન પટેલ, બીજા ક્રમે કાજલ સાંકળિયા, પૂજા ઠાકોર અને રાઠવા જ્યોત્સનાબેન તથા ત્રીજા ક્રમે વર્ષા પેટલ, તૃપ્તી પરમાર અને પારૂલબેન રાઠવા રહ્યા. વિદ્યાર્થીઓએ પોસ્ટરો હાથમાં લઈ સૂત્રોચ્ચાર કરી રાંધેજા ગામમાં કૃષ્ણનગર વિસ્તારમાં જનજાગૃતિ રેલી કાઢી હતી.

આ રેલી પર્યાવરણ સંરક્ષણ, પાણી બચાવો અને વીજળી બચાવોની થીમ ઉપર સંચાલિત કરવામાં આવી હતી. જેથી આ સંદેશો ગામ લોકો સુધી પહોંચે, તેઓમાં પાણી અને ઉર્જાના સાધનોના ઉપયોગ માટે વિવેક જાગૃત થાય. રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમ અધિકારી ડૉ. લોકેશ જૈને જણાવ્યું કે આ અવસર પર ગ્રામ વ્યવસ્થાપન વિભાગના નિયામક અને પ્રો. રાજીવ પટેલે વિદ્યાર્થીઓને બને જ્યાં સુધી ઓછા સાધનો વાપરવાની અપીલ કરી હતી. તેમણે કીધું કે આજના જમાનામાં વાહનો વગર ચાલી શકાતું નથી પણ જો લોકો વિવેકપૂર્વક તેનો ઉપયોગ કરે. સાર્વજનિક સાધનોનો ઉપયોગ કરે તો પેટ્રોલ જેવા ઉર્જાના સ્રોતોની બચત કરી શકાય અને ઓઝોન પરતને નુકશાન કરનાર ધુમાડો ઓછો કરી પર્યાવરણ સંરક્ષણ કરી શકાય છે. ડૉ. લોકેશ જૈને વિદ્યાર્થીઓને માર્મિક અપીલ કરી હતી કે તેઓ ઓઝોન પરતનો સંરક્ષણ કરવામાં જાતે પહેલ કરે અને બીજાઓને પણ પ્રેરણા આપે. જ્યારે તેઓ ૨૭ સપ્ટેમ્બર ૨૦૧૬થી ૨જી ઓક્ટોબર, ૨૦૧૬ સુધી ગ્રામજીવન પદયાત્રામાં આદિવાસી બાહુલ્ય વિસ્તાર ડાંગ જવાના છે ત્યાં પણ તેઓ લોકોને જઈને ઓઝોનની અગત્યતા વિષે સમજણ પુરી પાડે કે ઓઝોન પ્રાણવાયુ સમાન છે, જીવનનો આધાર છે તેના રક્ષણ માટે જીવનમાં થોડુક વિવેક વર્તવુ ઘટે છે. શક્ય હોય ત્યાં સુધી પર્યાવરણને વિનશતા અટકાવીએ એ આજના સમયની માંગ છે.

## છાલાથી સાદરાના કાચા રસ્તાને ડામરનો રોડ બનાવવા તીવ્ર માંગ

### માંગ નહીં સંતોષાય તો વિધાનસભા ચૂંટણીનો બહિષ્કારની ગ્રામજનોની ચીમકી

ગાંધીનગર તાલુકાની દક્ષિણ વિધાનસભા ક્ષેત્રમાં સમાવિષ્ટ મુખ્યત્વે સાદરા સુપ્રસિદ્ધ યાત્રાધામ, અનેક શૈક્ષણિક સંસ્થાઓ તથા મુખ્ય બજારોનું આકર્ષણ કેન્દ્ર ગણાય છે. છાલાથી સાદરા જવા માટે સાત કિ.મી.નો રસ્તો જે ગાયકવાડ શાસનના સમયનો એક માત્ર રસ્તો અને પ્રવાસધામ શ્રી જક્ષણીમાતાના મંદિરે જવાનો સાદરા મુકામે આવેલ તેમજ ગુજરાત વિદ્યાપીઠ સંસ્થાને જોડતો માર્ગ અંગે અનેકવાર રજૂઆત કરવા છતાં સત્તાવાહકો દ્વારા માત્ર માટીકામ તથા માપણી કરવામાં આવી છે. પરંતુ ડામર રોડ બનાવવા કોઈ નક્કર કાર્યવાહી થતી નથી. આ મુખ્ય માર્ગ ડામર પાકો રોડ બને તો આજુબાજુના ગિયોડ, કાનપુર, વાસણા ચૌધરી, હાલીસા જેવા ગામોના ખેડૂતો વિદ્યાર્થીઓ, વેપારીઓ તથા અન્ય નાગરિકોને પડતી મુશ્કેલીમાં ઘણી રાહત થાય તેમ છે. આ પાકા રસ્તા અંગે છાલા-સાદરા અને ગુજરાત વિદ્યાપીઠના સ્થાનિક સત્તાવાહકોએ અનેકવાર ઠરાવો કરી ફરિયાદો કરવા છતાં તંત્ર ઘોર નિંદ્રામાં હોવાથી આગામી ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીનો ના છૂટકે બહિષ્કારનું રણશીંગુ ફૂંકીને આંદોલનનો માર્ગ અપનાવવાની ચીમકી છાલા ગ્રામ પંચાયતના સરપંચ શિવાભાઈ ચૌધરીએ લેખિત નિવેદનમાં જણાવ્યું છે.






શહેરની પ્રખ્યાત એન્જીનિયરીંગ સંસ્થા, આદિશ્વર કોલેજ ઓફ ટેકનોલોજી-વિનસ ખાતે એન્જીનિયરસ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. આશરે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર અલગ અલગ ટેકનીકલ ઈવેન્ટમાં ભાગ લીધો હતો. સંસ્થાના કોમ્પ્યુટર એન્જીનિયરીંગ વિભાગના વિદ્યાર્થીઓએ લેટેસ્ટ ટેકનોલોજી પર કોલાજ બનાવ્યા હતા. જેમાં તેમણે એન્ડરોઈડ ટેકનોલોજી, જાણીતા એન્જીનિયરસની બાયોગ્રાફી, કોમ્પ્યુટર સિસ્ટમના વિવિધ ભાગો તથા મોબાઈલ ગેમીંગ વગેરે વિષયો પર કોલાજ બનાવ્યા હતા. જ્યારે સિવિલ એન્જીનિયરીંગના વિદ્યાર્થીઓએ વેસ્ટ મટીરિયલનો ઉપયોગ કરીને બેસ્ટ વસ્તુઓ બનાવી હતી. કોલેજના પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીઓએ એન્જીનિયરીંગની થીમ સાથે રંગોળી, પોસ્ટર તથા ડ્રોઈંગ કોમ્પીટીશન યોજી હતી.

ટચૂકડી જાહેર ખબર

**વાઘેલા ક્લિનીંગ**

દરેક પ્રકારના સોફાસેટ, ઓફીસ ચેર, સ્પેશ્યલ સેમ્પુ ક્લિનીંગ, ટોયલેટ-બાથરૂમ, કિચન, ચીમની, પાણીની ટાંકી, નાની ડ્રેનેજ લાઈન ક્લિનીંગ કરવા માટે. દરેક કામ બુકીંગ કરાવવાનું રહેશે.

મો. ૯૮૨૪૯૫૯૦૧૫

**કટીંગ માટે મળો**

ફેબ્રીકેશનમાં વપરાતી દરેક સાઈઝની પ્લેટો કટીંગ કરી આપીશું.

**નવદીપ ઈન્ડસ્ટ્રીઝ**

પ્લોટ નં. ૩૦૭, કલ્પતરૂની સામે, જીઆઈડીસી, સેક્ટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૪૨ ૬૬૦૭૫

**ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન**
(ગુજરાત સરકારની સંસ્થા)
ઘ-૪ પાસે, સેક્ટર-૧૨, ગાંધીનગર.
www.rtigujarat.org • Email : info@rtigujarat.org

**સંસ્થાના કોમ્પ્યુટર હાર્ડવેર તથા અન્ય પેરીફરલ્સના ફોલ બેઈઝ ધોરણે વાર્ષિક મરામત તથા પ્રીન્ટરની કાર્ટીજ રીફીલીંગ અને કાર્ટીજ રીપેરીંગ કામગીરી કરાવવા અંગેની જાહેર નિવિદા**

ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન (જી.એમ.કે.આર.ટી.આઈ.) ગુજરાત રાજ્યના ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળ કાર્યરત સંસ્થા છે. વર્ષ ૨૦૧૬-૧૮ દરમિયાન નીચેની કામગીરી વાર્ષિક કરારના ધોરણે કરાવવા આ પ્રકારની કામગીરી સાથે સંકળાયેલી પેઢીઓ પાસેથી તા. ૨૬/૯/૨૦૧૬ સુધીમાં મળી જાય તે રીતે સીલબંધ કવરમાં નિયત નમૂનામાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામગીરી | વાર્ષિક અંદાજીત રકમ |
|---|---|---|
| ૧. | સંસ્થાના કોમ્પ્યુટર હાર્ડવેર તથા અન્ય પેરીફરલ્સના કોલ બેઈઝ ધોરણે વાર્ષિક મરામત તથા નીડ બેઈઝ પાર્ટસ રિપ્લેસમેન્ટની કામગીરી. | ૪૦,૦૦૦/- |
| ૨. | સંસ્થાના લેસર પ્રીન્ટરની કાર્ટીજ રીફીલીંગ રીપેરીંગ તથા કાર્ટીજ રીપેરીંગ તથા પાર્ટસ રીપ્લેસમેન્ટની કામગીરી. | ૪૦,૦૦૦/- |

નિયત ભાવપત્રકના નમૂનાઓ તથા અન્ય વિગતો સંસ્થાની વેબસાઈટ www.rtigujarat.org/tender-quotation.html ઉપરથી ઉપલબ્ધ થશે. સદર જાહેરાત અન્વયે કોઈપણ એક કે તમામ ભાવપત્રક સ્વીકાર / અસ્વીકાર કરવાનો સંસ્થાના નિયામકશ્રીનઓ અધિકાર અબાધિત રહેશે.

માહિતી/૧૫૪૩/૧૬-૧૭ નિયામક